જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૦/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૮૯૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી ૮૭ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા મુજબ ૦૧ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩,૭૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૮૯૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૪ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૧૮૯૨/૧૬**

સોલા હાઇકોર્ટ : પુજાબહેન રમેશચંદ્ર ગૌતમ (ઉ.વ.૧૫)(રહે, ગુજરાત હાઇકોર્ટ ક્વૉટર્સ, વસંતનગર ટાઉનશીપ, ગોતા ઓગણજ) ને તા.૨૫/૯/૧૬ સાંજનાં ૪/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી પંકજભાઇ (રહે,ઉત્તરપ્રદેશ) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ પુજાબહેનનાં ભાઇ અંકિતકુમાર ગૌતમે તા.૧૫/૧૦/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૯૩/૧૬**

**ગુજરાત યુનિવર્સીટી** : પુર્વેશભાઇ જયેંદ્રભાઇ વોરા (ઉ.વ.૩૦)(રહે.શીવાલય ફ્લેટ વિ-૨ મહાદેવ નજીક સેટેલાઇટ) એ તા.૧૫/૧૦/૧૬ નારોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૧૬ ના કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાનાં ઘર નજીક એક અજાણ્યો પુરૂષ “ફોન કરવા મોબાઇલ આપોને” તેમ કહી પુર્વેશભાઇનો આઇ ફોન ૭ પ્લસ ૧૨૮ જીબી મેટ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૮૨,૦૦૦/- લઇ ચોરી કરી પલાયન થઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સરદારનગર** : વેલજીભાઇ ભાયચંદભાઇ વઢીયારી (રહે,જોગણી માતાના છાપરા, ભદ્રેશ્વર ત્રણ રસ્તા પાસે, સરદારનગર) એ તા.૧૫/૧૦/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૦/૧૬ રાતના ૧૦/૩૦ વાગ્યાથી તા.૧૧/૧૦/૧૬ સવારના ૬/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન જોગણી માતાના છાપરામાં આવેલ પોતાની મહાકાળી કીરાણા સ્ટોર નામની દુકાનનાં સીમેંટનાં પતરાં તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, વકરાના રૂપિયા ૧૨,૦૦૦/- તથા પતરાના ડબ્બામાં મુકેલ રૂપિયા ૩૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૮,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૯૪/૧૬</u>**

**વેજલપુર** : અમીનીબહેન કેષ્વન નાયર (ઉ.વ.૭૩)(રહે, ભાવના ટેનામેંટ, એકતા ટાવર પાસે, વાસણા) એ તા.૧૫/૧૦/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૯/૧૬ નાં કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે વાસણા ડીવાઇન લાઇફ સ્કુલની આગળ, શાકભાજીની લારી પાસેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક એક્ટીવા ઉપર આવેલ પુરૂષ (૩૫ થી ૪૦ વર્ષ આશરાનો) અમીનીબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.કોડીયાતર ચલાવે છે.

**ગાયકવાડ હવેલી** : જયેશભાઇ અમુતલાલ પરમાર (ઉ.વ.૩૫)(રહે,શીવમ એપાર્ટમેન્ટ, દાણીલીમડા)એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૦/૧૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે જમાલપુર ફુલબજાર સામે રોડ ઉપરથી એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) જયેશભાઇની પત્નિના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૯૫/૧૬</u>**

**રિવરફ્રન્ટ વેસ્ટઃ** ઈશ્વરલાલ જેશાજી પ્રજાપતિ (ઉ.વ.૨૪)(રહે.કોઠણી પોળ, ભુતની આંબલી, રાયપુર) એ તા.૧૫/૧૦/૧૬ સાંજના ૪/૨૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે કોઈ અગમ્ય કારણસર સાબરમતી નદીના પશ્ચીમ કિનારે ઘાટ નં. ૧૧ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઈ મગનભાઈ ચલાવે છે.

**એલીસબ્રીજ** : જીલ વા/ઓ રૂપેશભાઇ પટેલ (ઉ.વ.૨૪)(રહે, શાંતીનિકેતન એપાર્ટમેંન્ટ, હિરાબાગ રેલ્વે ક્રોસીંગ પાસે, આંબાવાડી) એ તા.૧૪/૧૦/૧૬ રાતના ૮/૩૦ વાગ્યાનાં સુમારે કોઈ અગમ્ય કારણસર પોતે પોતાના પિતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ગુણવંતભાઇ અંબાલાલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઓઢવ (૧):** ધવલકુમાર લલીતભાઇ પરમાર (ઉ.વ.૧૩)(રહે.રઘુવિર એપાર્ટમેંટ, પંચદેવ મહાદેવ મંદિર પાછળ, ઓઢવ) નાઓનું ધોરણ.૮ નું પરીણામ “બી” ગ્રેડ આવતાં તા.૧૫/૧૦/૧૬ ના કલાક ૯/૩૦ થી ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે રસોડામાં પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીવસિહ તિતસિહ ચલાવે છે.

**(૨)** : ભાનુપ્રસાદ સોમાભાઇ મેવાડા (ઉ.વ.૪૩)(રહે.ક્રિષ્ણા એપાર્ટમેંટ, સી.એમ.સી. સામે, ઓઢવ) માનસિક રીતે બિમાર રહેતા હોઇ તા.૧૫/૧૦/૧૬ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે કોઇ ઝેરી દવા કે ગોળીનુ સેવન કરી આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વજુભાઇ ગીરધરભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)